ધાનેરા તાલુકાના મોટા રામપુરા ગામે ૨૨ વર્ષીય યુવતીની હત્યા

ડીસા, તા. ૬

બનાસકાંઠાના ધાનેરા તાલુકાના મોટા રામપુરા ગામે ૨૨ વર્ષીય યુવતીની હત્યા કરી મૃતદેહને યુવતીના ઘર પાછળ આવેલ ખેતરમાં ફેંકી દેતા ચકચાર મચેલ છે અને આ હત્યા કોને, અને શા માટે કરેલ છે ? તે મોટી તપાસનો વિષય હોઈ આ રહસ્યમય હત્યા કરનાર હત્યારાને શોધવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. આ રહસ્યમય ઘટનાની મળતી વિગતો જોઈએ તો બનાસકાંઠાના ધાનેરા તાલુકાના મોટા રામપુરા ગામે રહેતા ગેનાજી ઠાકોરની ૨૨ વર્ષીય દીકરી હેતલના લગ્ન ૨૦ દિવસ પહેલા મહુડી ગામે થયા હતા. જો કે વિધિની વક્રતા જુઓ કે કોડભરી હેતલના લગ્નની તો હજુ મહેંદી પણ સુકાઈ નથી. તેવા સમયે જ કોઈ અગમ્ય કારણોસર અજાણ્યા હત્યારાએ તેની ગત રાત્રીએ અત્યંત ઘાતકી અને નિર્દયતાપૂર્વક હત્યા કરેલ છે. આ રહસ્યમય હત્યામાં અજાણ્યા હત્યારાનો મૃત યુવતીના ગરદનના પાછલા ભાગે તિક્ષ્ણ હથિયારનો એક ઘા યુવતી માટે 'મરણતોલ' ફટકો બનતા તે મોતને ભેટી છે. આ રહસ્યમય હત્યાની ફરિયાદ મળતા પોલીસ પણ દોડી આવી હતી. અને ધાનેરા પોલીસ ઈન્સ્પેક્ટર જે.ડી. સુતરીયા અને

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ટીમે ગુનાવાળી જગ્યા અને હત્યા અંગેના પુરાવા એકઠા કરી હત્યારાનું પગેરૂ પકડવા ઝીણવટભરી રીતે તપાસ હાથ ધરેલ છે. આ મર્ડરની પ્રાથમિક તપાસની વિગતો જોઈએ તો રામપુરા મોટા ગામે ખેતરમાં રહેતા ગેનાજી ઠાકોરને ત્યાંથી કોઈ નરાધમે મોડી રાત્રે હેતનને ઊંઘતી જ ઉઠાવી હતી અને તે બાદ ઘરના પાછળના ભાગમાં આવેલા ખેતરમાં લઈ જઈ એક જ ઝાટકે હત્યા કરી નાખી હતી. આ હત્યા કરી હત્યારો અંધકારમાં ગરકાવ થઈ ગયો હતો. જે બાદ આજે વહેલી સવારે પરિવારજનોએ ઉઠી જતા હેતલ તેની પથારીમાં ન દેખાતા તેની શોધખોળ હાથ ધરી હતી અને તે બાદ તેમના જ ખેતરમાંથી હત્યા કરાયેલો મૃતદેહ મળતા પરિવારજનોમાં શોકની લાગણી ફરી વળી હતી. પરિવારજનોએ ગામના આગેવાન અને ગામના સરપંચને બોલાવતા યુવતીના ઘરે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. તો બીજી તરફ ઘટના જાણ ધાનેરા પોલીસને કરતા ધાનેરા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને આ યુવતીની હત્યા કેમ અને કોને કરી તે ભેદ ઉકેલવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. જો કે હત્યાનું સ્થળ અને હેતલ જ્યાં સુધી હતી જે જગ્યા વચ્ચે માંડ થોડુંક અંતર હોઈ આ રહસ્યમય હત્યાની ગુથ્થી સુલાજાઈ જશે તેવો પોલીસ આશાવાદ સેવી રહી છે. અને પોલીસે અજાણ્યા હત્યારા વિરૂદ્ધ આઈ.પી.સી. કલમ ૩૦૨ મુજબ ગુનો દાખલ કરેલ છે.

આ અરેરાટી ભર્યા બનાવમાં કોડભરી હેતલના લગ્નના ફક્ત ૨૦ દિવસ બાદ હત્યા થઈ જતા લોકોમાં અનેક તર્ક વિતર્ક જોવા મળ્યા હતા હત્યાનું સાચું કારણ તો પોલીસ તપાસ બાદ જ બહાર આવશે ત્યારે ધાનેરા પંથકમાં આ હત્યાથી ભારે ચકચાર મચેલ છે.

ડીસાનાં જોરાપુરા ગામેથી સ્કોર્પિયો ગાડીમાંથી એક લાખથી વધુનો વિદેશી દારુ ઝડપાયો

ડીસા, તા. ૬

ડીસાનાં જોરાપુરા ગામ નજીક ડીસા તાલુકા પોલીસે નાઈટ પેટ્રોલિંગ

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

દરમિયાન એક શકમંદ સ્કોર્પિયો ગાડી ઝડપી હતી જેની તલાશી લેતા તેમાંથી વિવિધ માર્કાની બિયર તેમજ વ્હીસ્કીની બોટલો સહીતનો વિદેશી દારૂ ઝડપાયેલ છે. આ મામલે પોલીસે અજાણ્યા સ્કોર્પિયો ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

આ અંગેની મળતી વિગતો જોઈએ તો ડીસા તાલુકા પી.આઈ. આર.એમ. ભદોરિયા અને ટીમ ગત મોડી રાત્રે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ડીસાથી થરાદ જતા રોડ પર જોરાપુરા ગામના પાટીયા પાસે એક શકમંદ સ્કોર્પિયો ગાડી આવતા પોલીસે તેને રોકવા પ્રયત્ન કરેલ. જો કે સ્કોર્પિયો ચાલકે પોલીસ જોઈ તેની ગાડી ભગાડી હતી. જેથી પોલીસે પણ તે બાદ આ ગાડીનો શક આધારે પીછો કર્યો હતો. જો કે થોડે દુર સ્કોર્પિયો લઈ ભાગેલા અજણ્યા ચાલકે તે બાદ એક ઊંટ લારીને અડફેટે લીધી હતી અને અકસ્માત થતા તે સ્કોર્પિયો મૂકી ભાગી છૂટયો હતો જો કે તે બાદ પોલીસે આ ગાડીની તલાશી લેતાં તેમાં વિવિધ માર્કાનો પર પ્રાંતીય વિદેશી દારુ અને બીયરની નાની મોટી ૭૮૮ બોટલ મળી આવી હતી. જેની કિંમત રૂપિયા ૧,૦૧,૬૦૦ અને સ્કોર્પિયો ગાડીની કીંમત રૂપિયા ૪,૦૦,૦૦૦ ગણી કુલ મુદ્દામાલ રૂપિયા ૫,૦૧,૬૦૦નો તપાસ અર્થે કબજે કરેલ છે અને આ મામલે ભાગેડુ સ્કોર્પિયો ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

ડીસાનાં સરગમ બંગલામાં એક લાખ છ્યાસી હજારની ચોરી

ડીસા, તા.૫

વહેપારી મથક ડીસામાં ગત મોડી રાત્રે એક ઘરફોડ ચોરીનાં નોંધાયેલા બનાવમાં અજાણ્યા તસ્કરોએ સરગમ બંગલાની સોસાયટીઓને નિશાન બનાવી હતી અને રોકડ દાગીના સહીત રૂપિયા એક લાખ છ્યાસી હજારની ચોરી કરી હતી. આ મામલે ઉત્તર પોલીસ મથકમાં ફરિયાદ દાખલ થતા પોલીસે તપાસ હાથ ધરેલ છે.

બનાસકાંઠાનાં ડીસામાં તસ્કરો મોજથી રાત્રી સમયે ઘરનાં ધાબા પર સુતેલા લોકોને નિશાન બનાવી રહ્યા છે ત્યારે વધુ એક તસ્કરીનાં બનાવમાં ડીસાનાં સરગમ બંગલો સોસાયટીમાં પોણા બે લાખથી વધુ માલમત્તા ચોરી થયાની ઘટના પ્રકાશમાં આવેલી છે. જેમાં પોતાના મકાનના ધાબા પર ગરમીના મારથી બચવા ફરિયાદી એવા સુરેશભાઈ મીસ્ત્રીમલ ખત્રી પરિવારનાં સભ્યો સાથે સુતા હતા ત્યારે આ તકનો લાભ ઉઠાવી અજાણ્યા તસ્કરો મકાનનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ્યા હતા અને ઘરની તિજોરીમાં પડેલા રોકડા રૂપિયા એક લાખ પંચોતેર હજાર, બે સોનાની બુટ્ટી તેમજ રૂપિયા એક હજાર કીંમતનો મોબાઈલ સહીત કુલ રૂપિયા ૧.૮૬ લાખની ચોરી કરી પલાયન થયા હતા. આ ચોરીની વહેલી સવારે મકાન માલિકને જાણ થતા તેમણે ઉત્તર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પાલનપુર તાલુકાના મોટા ગામથી ગુમ થયેલી સગીર યુવતી ઝડપાઈ

ડીસા, તા. ૫

પાલનપુર તાલુકાના મોટા ગામની એક ૧૯ વર્ષીય યુવતીની વેદના ડીસા સી.પી.આઈ. કચેરીમાં જોવા મળી હતી અને આ યુવતી પોતાના પ્રેમી સાથે જ જવાની જીદ કરતી હોઈ ડીસા સી.પી.આઈ.એ તેનું નિવેદન નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જો કે યુવતીએ પોતાના નિવેદનમાં પોતે પુખ્ત હોવાનું રટણ કર્યું હતું. જોકે પોલીસ સમક્ષ રજુ થયેલા દસ્તાવેજી પુરાવા તે પુખ્ત હોવાનું જણાવતા હોઈ પોલીસે તે મતબલની કાર્યવાહી હાથ ધરેલ છે.

ડીસા નજીકના પાલનપુર રોડ પર આવેલા મોટા ગામની એક યુવતી ગત ૨૦-૬-૨૦૧૪ના રોજ પોતાની મરજીથી તેના પ્રેમી સાથે ઘર છોડી ભાગી ગઈ હતી. આ સગીર ઉંમરની યુવતીને તેના ભાઈ સાથે તાર ફેન્સિંગ કરતા વીક્રમજી નટવરજી ઠાકોર સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. જો કે પરિવારજનો તેને એક અન્ય યુવક સાથે સગાઈ કરી પરણાવી દેવા વાતચીત કરતા હોઈ અને યુવતીને પરિવારજનોએ પસંદ કરેલો યુવક દારૂ પીતો હોઈ પસંદ ન હોઈ તેના લીધે બન્ને પ્રેમી પંખીડા પોતાના ઘરને તરછોડી ભાગી છુટ્યા હતા, જે બાદ આ બન્ને પ્રેમી પંડાએ દાંતા નજીક મહાદેવજીના મંદિરમાં હિંદુ શાસ્ત્રોક્ત વિધિથી લગ્ન કરેલ, જો કે બીજી તરફ યુવતીનાં પરિવારજનોએ આ મામલે ફરિયાદ નોંધાવેલી હોઈ ડીસા સી.પી.આઈ. એમ. બી. વાઘેલાએ યુવતીને શોધવા તપાસ કરી હતી અને યુવતીને ઝડપી પાડી હતી. જોકે પોલીસ જોઈ યુવક ભાગી છૂટ્યો હતો. જો કે આ સમગ્ર કેસમાં યુવતી પોતાના નિવેદનમાં જણાવતી હતી કે તે પુખ્ત હોઈ અને મરજીથી ભાગેલી હોઈ તેમજ મરજીથી જ પોતાના પ્રેમી અને તે બાદ પતિ બનેલા યુવક સાથે શરીર-સુખ માણેલ છે. આ કેસમાં કાયદા મુજબ કોઈ મોટો ગુનો નથી બનતો, જે આધારે તેને પોલીસ પોતાના પતી ગૃહે કે નારી ગૃહે મોકલે, જ્યારે બીજી તરફ પોલીસ સમક્ષ યુવતીનાં પરિવારજનોએ આ યુવતી પુખ્ત નહિ પણ સગીર હોવાનું જણાવી સ્કૂલ સર્ટીફિકેટ સહીતના દસ્તાવેજી પુરાવા રજુ કરતા સ્પષ્ટ થયું હતું કે આ યુવતી સગીર છે. જેથી પોલીસે તેને ભગાડી જનાર અને તેની સાથે શરીર સુખ ભોગવનાર યુવક વિરૂદ્ધ બળાત્કાર અને સગીર બાળકો સાથેના જાતીય અત્યાચાર અધિનિયમ પોક્સો મુજબ ગુનો દાખલ કરી ભાગેડુ એવા તેના પ્રેમીને શોધવા કવાયત હાથ ધરેલ છે.

તલોદ સ્ટેશન પ્રાથમિક શાળામાં દારૂ-જુગારીયોની કાયમી જમાવટ

શાળાના નુકશાન અંગે શિક્ષકોએ વારંવાર પોલીસને કરેલી લેખિત ફરીયાદો

તલોદ, તા. ૫

તલોદ મધ્યે ભરચક વિસ્તારમાં તલોદ સ્ટેશન શાળા નં. ૧ અને ૨ આવેલી છે. જેમાં શાળાના ચાલુ સમયથી માંડીને બંધ વખતથી મોડી રાત્રી સુધી કેટલાક અસામાજીક તત્વોએ દારૂની જગજાહેર મહેફૂલો માણી રહ્યા છે. તેમજ જુગારધામ પણ ચાલતુ હોવાનું આવન-જાવન લોકો જણાવી રહ્યા છે. નશાયુક્ત લોકો બારી-બારણા તેમજ દરવાજાને કાયમી ધોરણે નુકશાન પણ કરી રહ્યાં હોવાનું શિક્ષક સ્ટાફ જણાવી રહ્યો છે. તેમજ ગંદકીયુક્ત કાર્યો કરી બિડી-મશાલાનું થુકદાન બનાવી સરસ્વતિ મંદિર અસામાજીક તત્વોને દારૂ અને જુગારનો કાયમી જમાવટ કરી બેઠા છે જે અંગે શાળાના કર્મચારીઓએ વારંવાર લેખિત ફરીયાદો કરી આવા ઈસમોથી છુટકારો અપાવવા ખાખી વર્ધી સમક્ષ ઉગ્ર માગ કરી રહ્યા હોવાનું જણાવી રહ્યા છે.

તલોદ સ્ટેશન શાળામાં છેલ્લા કેટલાક સમયથી દારૂ અને જુગારીયોની કાયમી જમાવટથી પ્રાથમિક શાળામાં દારૂનું વેચાણ અને સેવન કરવાનું જાણવા મળી રહ્યું છે. આવા ભરચક વિસ્તારમાં ખુલ્લેઆમ જુગારીયા જુગાર પણ રમતા હોય છે. જાહેરમાર્ગ પર આવેલી આ શાળામાં પોલીસનું સતત આવન-જાવન હોવા છતાં હમાખોરીએ જાણે લોહિ પાતળઆ કર્યુ હોવાનું જણાવી રહ્યું છે. લેખિત શિક્ષકોની અરજીનો નિકાલ પહેલા ફોનથી તત્વોને સાવધાન કરી ફિલ્મીઢબે તપાસમાં સબ સલામતની ભાવના પ્રગટ થતી હોય છે. આ જાહેર માર્ગથી હજારો લોકો આવન-જાવન પણ કરી રહ્યાછે. છતી આંખે થતો આ વેપલો જાણે કે પોલીસ પર અસામાજીક તત્વો ભારી પડી રહ્યા છે.

શાળામાં વારંવાર નાની-મોટી ચોરીઓ તેમજ બારી-બારણા-દરવાજા તોડી નાખવાના અન્ય બનાવો અંગે સિક્ષકોએ શાળાના લેટર પેડ ઉપર અરજીઓ કરેલ છે. છતાંય આજદિન સુધી કોઈજ ગુન્હો નોંધાયો નથી. આવા રક્ષકોના કૃત્યોથી સરસ્વતિ લજ્જીત બની હોવાનું પણ લોકો જણાવી રહ્યા છે. ઉચ્ચકક્ષાની રજુઆતો પણ જાણે રફેદફે થતા ગૃહ મંત્રાલય ચિરનિંદ્રામાં હોય તેવું તલોદના વાલિગણ જણાવી રહ્યા છે.



ખેડબ્રહ્મા તાલુકાના દામાવાસ કંપનાના દિનેશભાઈ પટેલે મુખ્યમંત્રીશ્રીના ઓનલાઈન સ્વાગત કાર્યક્રમમં ફરિયાદ નિવારણ વિભાગમાં કલોલ કંપાથી નાંદલિયા - દામવાસ, રવિપુરા કંપા રોડને રીપેર કરવા માટેની રજૂઆત કરી હતી. વધુમાં મુખ્યમંત્રીશ્રી આનંદીબેનને શુભેચ્છા મુલાકાત સહ રજૂઆત કરી હતી. ૧૦ જેટલી ફરિયાદોનો નિકાલ કરાયો હતો. (તસ્વીર : વિઠ્ઠલ સુથાર, લક્ષ્મીપુરા)

બનાસકાંઠામાં પિયત મંડળીઓના પ્રયોજકોને પ્રમાણપત્રો એનાયત કરાયા

પાલનપુર, તા.૫

બનાસકાંઠા જિલ્લા પંચાયત નવરચિત પિયત મંડળીઓના પ્રયોજકોને સામુહિક રીતે પ્રશિક્ષીત કરી પ્રમાણપત્રો એનાયત કરવાનો કાર્યક્રમ તાજેતરમાં જિલ્લા પંચાયત ભવનમાં યોજાયો હતો.

આ કાર્યક્રમના પ્રારંભે જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્રભાઈ જોષીએ નર્મદાના પાણીનો ઉપયોગ ટપક પધ્ધતિથી જ થાય તે માટે પિયત મંડળીઓએ વિવિધ વિભાગોની સાથે સંકલનમાં રહેવા તેમજ નર્મદા અને બોરનું પાણી મિશ્ર કરીને આપવાથી જમીનની ફળદ્રુપતા જળવાઈ રહેશે તેમ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીએ બનાસકાંઠાના ૨.૭૭ લાખ ખેડૂતોને આધુનિક ખેતીથી સતત માહિતગાર કરવા ભવિષ્યમાં પ્રશિક્ષિત શિબિરોનું આયોજન કરવા જણાવ્યું હતું.

નવી નોંધાયેલી પિયત મંડળીઓના પ્રયોજકોને સમુહમાં બોલાવી નોંધણીના પ્રમાણપત્રો એનાયત કરવાનો કાર્યક્રમ યોજી મંડળીઓના હેતુને સ્પષ્ટ કરવાનો પ્રયોગ બનાસકાંઠામાં જિલ્લા પંચાયત દ્વારા પ્રથમવાર થયો છે.

૨૦૧૪થી રેશનીંગ નહિ મળે

બારકોડેડ રેશન કાર્ડ આધારે આવશ્યક વસ્તુઓનું વિતરણ થશે

હિંમતનગર, તા. ૫

લોકોને સરકારના નિતી-નિયમ મુજબ સરળતાથી અનાજ અને આવશ્યક ચીજવસ્તુઓ મળી રહે તે માટે સરકાર દ્વારા બારકોડેડ રેશનકાર્ડ અમલી બનાવ્યા છે છતાં કેટલાક લોકોએ હજુ સુધી બારકોડેડ રેશનકાર્ડ મેળવ્યા નથી ત્યારે અન્ન અને નાગરીક પુરવઠા વિભાગ તા. ૧-૮-૧૪ થી જુના રેશનકાર્ડ ઉપર અનાજ અને આવશ્યક ચીજ વસ્તુઓનું બંધ કરી માત્ર બારકોડેડ રેશનકાર્ડના આધારે અનાજ અને આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવા જણાવ્યું છે.

સાબરકાંઠા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડની કામગીરી અસરકારક રીતે થઈ રહી છે. લોકોને સરકારના ધારા ધોરણ મુજબ અનાજ સહિતનો રેશનીંગનો જથ્થો નિયમિત મળી રહે તે માટે જિલ્લા સમાહકર્તા બંછાનિધિ પાનીની સીધા માર્ગદર્શન અને રાહબરી હેઠળ જિલ્લા પુરવઠા અધિકારી જે.જે. નિનામા અને પુરવઠા નિરિક્ષકો દ્વારા અસરકારક કામગીરી થઈ રહી છે. જિલ્લાના કાર્ડધારકોને ૩૧-૭-૧૪ સુધીમાં બારકોડેડ રેશનકાર્ડ અવશ્ય મેળવી લેવા જણાવવામાં આવ્યું છે. તા. ૧-૮-૧૪ થી બારકોડેડ રેશનકાર્ડના આધારે જ અનાજ અને આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવા માટે રેશનીંગના દુકાનદારોને સુચના આપવામાં આવી છે. એફ.પી.એસ. વિસ્તારમાં રેશનકાર્ડ વિતરણમાં ૮૦ ટકા ધ્યાને લીધા સિવાય ઓગષ્ટ-૧૪થી ફરજીયાત બારકોડેડ કુપન પદ્ધતિ દાખલ થશે જે વિસ્તારમાં કનેક્ટીવીટીના પ્રશ્નો છે ત્યાં કલેક્ટર કુપન પ્રથામાંથી મુક્તી આપી શકશે.

વરસાદ ખેંચાતા અરવલ્લી જિલ્લાના ખેડૂતો ભારે ચિંતિત

મોડાસા, તા. ૬

વરસાદ માટે અમુલ્ય ગણાતા અષાઢ માસમાં વરસાદ વરસેને ચોમાસુ સીઝન સફળ બની જાય... પરંતુ હાલના સમયમાં જૂન માસ પુરો થવા છતાં વરસાદના કોઈ અણસાર ના દેખાતા અરવલ્લી સહિત સમગ્ર ગુજરાતના ખેડૂતોમાં ચિંતાના વાદળો ઘેરાયા છે.

દક્ષિણ ભારતમાં ચોમાસાએ ધીમી ધારે શરૂઆત કરી છે. દક્ષિણના વિસ્તારમાં મેઘરાજાએ દેખા દિધા છે પરંતુ ગુજરાતમાં હજુ સુધી મેઘરાજાએ એન્ટ્રી ન કરતા ધરતીપુત્રો ચિંતા સાથે આકાશ તરફ મીટ માંડીને બેઠા છે. વરસાદ ખેંચાતા આમ જનતા અને ખેડૂતો બન્ને પરેશાન થઈ ગયા છે. ખેડૂતો પાણી વગર જ્યારે આમ જનતા અનાજ અને શાકભાજી સહિતની ચીજવસ્તુઓના ભાવોમાં ઝિંકાયેલા વધારાને લીધે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ખેડૂતો તો ગયા વર્ષની જેમ આ વર્ષે પણ સારો વરસાદ થશે એવી આશાએ કપાસ મગફળી અને મકાઈ, ડાંગર તેમજ લીલા શાકભાજીની મોંઘુ બિયારણ ખરીદીને વાવણી કરી ચુક્યા છે. ત્યારે બીજી બાજુ મેઘરાજાની પધરામણી ન થતા હવે પસ્તાવાનો વારો આવ્યો છે. ઘણા ગામોમાં તો વરસાદ જો અઠવાડીયામાં ધમાકેદાર એન્ટ્રી નહી કરે તો પીવાના પાણીની હાલત કફોડી બની જશે.

તલોદમાં મેઘરાજાને રિઝવવા મેહુલિયો કાઢવામાં આવ્યો

તલોદ, તા.૫

તલોદમાં મેઘરાજાની પધરામણી ધમાકેદાર થાય તે મેઘરાજાને રિઝવવા સ્થાનિક મહિલાઓએ ઠેર ઠેર કાનુડાની મૂર્તિની પૂજા અર્ચના કરી જળસ્ત્રોત કરવામાં આવ્યો હતો.

તલોદમાં મેઘરાજાની પધરામણી ધમાકેદાર થાય તેની અષાઢમાં આતુરતાથી રાહ જોઈ રહેલી મહિલાઓએ વરસાદના આગમન માટે પ્રાચિન પ્રણાલિકા મુજબ ચારણીમાં માટીની કાનુડાની મૂર્તિ બનાવી હતી ફુલહાર અને પૂજા અર્ચના અને આરતી ઉતારી હતી અને બાદમાં મૂર્તિને જળસ્ત્રોત કર્યા હતા. કાનુડાની મૂર્તિ સાથે જળસ્ત્રોતથી ભીંજાયેલી મહિલાને કપડા, અનાજ, લોટ જેવી વસ્તુઓ દાન કરી વરૂણ દેવના આહ્વાન માટે પ્રયત્નો કરાયા હતા.

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe TILES WORLD ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧